**ૐ ગં ગણપતયે નમો નમઃ | વક્રતુંડ મહાકાય સૂર્યકોટિ સમપ્રભ, નિર્વિઘ્નં કુરુ મે દેવ સર્વકાર્યેષુ સર્વદા**




આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં વિવિધ સ્થળોએ ગણપતિજીની ભવ્ય મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી છે. આ ગણેશોત્સવ નિમિત્તે પંડાલોને આકર્ષક રીતે શણગારવામાં આવ્યા છે અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ગણપતિ બાપ્પાના દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. સાથોસાથ ઢોલ-નગારાના નાદ અને મંગલમય વાતાવરણ વચ્ચે ગણપતિજીની આરાધના કરવામાં આવી રહી છે.

**તસવીર : વિનાયક આણંદજીવાલા (પેટલાદ), ચિંતન પટેલ (લુણાવાડા)**

### સેવાલિયા રોડ પર ૭૦ કરોડના ફ્લાયઓવરથી લઈ ૧.૫ કરોડના રિફ્લેક્ટરમાં ભ્રષ્ટાચારની બૂ !

# ડાકોર-સેવાલિયાનો મુખ્ય માર્ગ ‘મરણતોલ ખાડા નગરી’ બન્યો

**રોડ પર** ૨૦૦થી ૩૦૦ મસમોટા ખાડા છતાં તંત્રનો માત્ર ૩ સ્થળે જ ખાડા હોવાનો બચાવ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના મુખ્ય માર્ગો માર્ગ અને મકાન વિભાગના ભ્રષ્ટ વહીવટના કારણે વાહનચાલકો માટે જોખમી બનીને મરણતોલ ખાડાઓમાં ફેરવાઈ ગયા છે. ડાકોરથી ઠાસરા અને સેવાલિયા સુધીના રસ્તાઓ પર ૨૦૦થી ૩૦૦ જેટલા મસમોટા ખાડાઓ મોઢું ફાડીને ઊભા છે, જેના લીધે મોટા પ્રમાણમાં અકસ્માતો સર્જાતા હોવાની ફરિયાદો ઉઠી છે. છેલ્લા એક મહિનાથી વરસાદે વિરામ લીધો હોવા છતાં તંત્ર ચોમાસાનું બહાનું કાઢીને જવાબદારીમાંથી છટકી રહ્યું છે.



**તડકામાં ઓગળી ગયા રૂ. ૧.૫ કરોડના રિફ્લેક્ટરો !**

વાહનવ્યવહારની સલામતી માટે નાખવામાં આવેલા રૂ. ૧.૫ કરોડની માતબર કિંમતના રિફ્લેક્ટરોમાં પણ ગોલમાલ જણાઇ રહી છે. આ રિફ્લેક્ટરો તડકામાં ઓગળીને વાંકા થઈ ગયા છે. તંત્રના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી નબળી કામગીરી કરીને સરકારી નાણાંનો વ્યય કરાયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ઠાસરા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય કાંતિભાઈ પરમારે રોડ અને બ્રિજની કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે. ડાકોરથી સેવાલિયા તરફ જતા રૂ. ૭૦ કરોડના ખર્ચે બનેલા ફ્લાયઓવરમાં લોલંલોલ ચાલી રહ્યું છે, જેમાં લગાવવામાં આવેલી લોખંડની એંગલો અને પ્લેટો ઠેર-ઠેરથી ઉખડી ગઈ છે. આ પુલ બન્યો ત્યારથી આજદિન સુધી તેનું સમારકામ સતત ચાલુ જ રહ્યું છે. પુલની નબળી કામગીરીને કારણે તે ગમે ત્યારે તૂટી પડે અને નીચેથી પસાર થતા લોકોના જીવ જાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

## વાસદ નજીક ટ્રેન હડફેટે વૃદ્ધનું મોત

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

વાસદ પાસે ટ્રેન હડફેટે ૬૫થી ૭૦ વર્ષના અજાણ્યા વૃદ્ધનું મોત નિપજ્યું હતું.

વાસદ પાસે અમદાવાદ-વડોદરા ડાઉન ટ્રેક પર થાંભલા નંબર ૪૧૫/૭ પાસે મંગળવારે સાંજે એક ૬૫થી ૭૦ વર્ષના અજાણ્યા વૃદ્ધ માલગાડીની અડફેટે આવી જતાં તેમનું ઘટનાસ્થળે જ નિધન થયું હતું. માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચવાના કારણે તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ભાણપુરા ભેટાસીના કલ્પેશકુમાર રાજ દ્વારા વાસદ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે. મૃતક પાસેથી કોઈ ઓળખકાર્ડ કે વાલીવારસની વિગતો ન મળી હોવાથી વાસદ પોલીસે વારસદારોની શોધખોળ શરૂ કરી છે.

### તપાસમાં સ્થળ પરથી અન્ય શંકાસ્પદ શખ્સો અને એક સ્કોર્પિયો ગાડી મળી આવી

# ખંભાતમાં કેસની તપાસ કરવા ગયેલી પોલીસ ટીમ પર હુમલો

**‘હું પત્રકાર છું’** કહી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૩

ખંભાતના બાવાબાજીશા મસ્જિદ સામેના ટેકરા વિસ્તારમાં પ્રોહિબિશન કેસમાં વોન્ટેડ આરોપીની તપાસ કરવા પહોંચેલી ખંભાત સિટી પોલીસ ટીમની કામગીરીમાં રુકાવટ ઊભી કરી, પ્રેસનું આઈડી કાર્ડ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે લોકરક્ષકની ફરિયાદના આધારે ખંભાત સિટી પોલીસે સરકારી ફરજમાં રુકાવટ અને ધમકીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખંભાતના બાવાબાજીશા મસ્જિદ સામે ટેકરા વિસ્તારમાં પ્રોહિબિશન કેસમાં વોન્ટેડ આરોપી સોહેલ ઉર્ફે કાલુ મનહરભાઈ રાણા હાજર હોવાની બાતમી મળતાં ખંભાત સિટી પોલીસનો કાફલો તપાસ માટે પહોંચ્યો હતો. તપાસ દરમિયાન સ્થળ પરથી અન્ય શંકાસ્પદ શખ્સો અને એક સ્કોર્પિયો ગાડી પણ મળી આવી હતી.

પોલીસ જ્યારે સોહેલની પૂછપરછ કરી રહી હતી, ત્યારે તેના પિતા મનહરભાઈ ઉર્ફે મનુજીસાહેબ રાણા એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે ‘પોલીસ મારા દીકરા સામે ખોટો કેસ કરે છે.’ તેમ કહી બૂમાબૂમ કરી પોલીસને ઘરમાં તપાસ કરતાં અટકાવી ગાળો ભાંડી હતી. આ સાથે જ તેમણે એક પ્રેસનું આઈડી કાર્ડ બતાવી “હું પત્રકાર છું, તમને જોઈ લઈશ અને ઘરે તપાસ કરવા આવશો તો જાનથી મારી નાખીશ” તેવી ધમકી આપી સરકારી ફરજમાં રુકાવટ કરી હતી. આ બનાવ અંગે લોકરક્ષક ઘનશ્યામભાઈની ફરિયાદના આધારે ખંભાત સિટી પોલીસે મનહર રાણા સામે સરકારી ફરજમાં રુકાવટ અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ ચલાવી છે.

# લુણાવાડામાં NRIના મકાનમાંથી ₹ ૧૩ હજારની મત્તાની ચોરી થઇ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૩

લુણાવાડા શહેરની બુરહાની સોસાયટીમાં રહેતા સબ્બીરભાઈ હાતીમભાઈ ગરીયાલી હાલ પોતાના પરિવાર સાથે દુબઈ ખાતે રહે છે. ૦૪થી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ તેમના બંધ મકાનની રાત્રિ દેખરેખ રાખતા વોચમેને આવીને જોતાં ઘરના દરવાજાના તાળાં તૂટેલાં જણાયા હતા. આ અંગે મકાનમાલિકના બનેવી તાલીબભાઈ નોમાનભાઈ વીરપુરવાલાએ લુણાવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તસ્કરો આગળના ભાગના અને રસોડાના તાળાં તોડી અંદર પ્રવેસ્યા હતા. ચોર ઈસમો પડશાળમાંથી ૬,૦૦૦ની કિંમતની પાણીની મોટર, ૫,૦૦૦ની કિંમતના બે ગેસના સિલિન્ડર તથા ૨,૦૦૦ની કિંમતના બાથરૂમના નળ મળી કુલ ૧૩,૦૦૦ની મત્તા હાથફેરો કરી ગયા છે. લુણાવાડા પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની વધુ તપાસ શરૂ કરી છે. જોકે, મોડી સાંજ સુધી તસ્કરનું પગેરૂ મળ્યું નહતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

# કરમસદ ખાતે શ્રીજીની પ્રતિમા વિસર્જન માટે કૃત્રિમ તળાવ તૈયાર

**કરમસદ - આણંદ** મનપા દ્વારા પાંચ ફૂટ સુધીની પ્રતિમા વિસર્જન થઇ શકે તે માટે 12 ફીટ ઊંડું તળાવ બનાવાયું



(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

કરમસદ - આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં ગણેશ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત 25મી સપ્ટેમ્બરના રોજ યોજાનારા ગણેશ વિસર્જનને પર્યાવરણાનુકૂળ અને સુવ્યવસ્થિત બનાવવા માટે મનપા દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આગામી 25મી સપ્ટેમ્બરે નાગરિકો તેમજ ગણેશ ઉત્સવના આયોજકો 05 ફૂટ સુધીની ઊંચાઈ ધરાવતી ગણેશ પ્રતિમાઓનું આ કૃત્રિમ તળાવમાં શ્રદ્ધાપૂર્વક વિસર્જન કરી શકશે.

કરમસદ શહેર ખાતે આવેલા વિવાહ પાર્ટી પ્લોટની બાજુમાં પાલિકા હસ્તકના પ્લોટમાં વિશાળ કૃત્રિમ તળાવ તૈયાર કરવામાં આવ્યું છે. પર્યાવરણ અને જળસ્ત્રોતોના સંરક્ષણ માટે 12 ફીટ ઊંડું, 60 ફીટ લાંબુ અને 80 ફીટ પહોળું સુસજ્જ કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યું છે.

આથી, સ્થાનિક કુદરતી જળાશયો કે નદી-તળાવમાં પ્રતિમાઓનું વિસર્જન ન કરી, મહાનગરપાલિકા દ્વારા ઊભી કરાયેલી કૃત્રિમ તળાવની વ્યવસ્થાનો જ ઉપયોગ કરવા તમામ ગણેશ ઉત્સવ સમિતિઓ અને નાગરિકોને નમ્ર અપીલ કરાઈ છે.

આ વિસર્જન સ્થળે શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે સ્થળ પર ફરજ પરના અધિકારીઓ તેમજ કર્મચારીઓની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવાયું છે.

# કપડવંજ તાલુકાના નીરમાલી ગામ નજીક દારૂ ભરેલી કાર ઝડપાઈ

**ટ્રાફિકનો** લાભ લઈ બુટલેગરો ખેતરોમાં ફરાર થઇ ગયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

કપડવંજ તાલુકાના નીરમાલી ગામ પાસે વિદેશી દારૂ ભરીને પસાર થતી કારને આંતરીને લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ કાર્યવાહી દરમિયાન અંધારા અને ટ્રાફિકનો લાભ લઈને કાર ચાલક તથા તેનો સાગરીત ગાડી મૂકી ફરાર થઈ ગયા હતા.

અરવલ્લીના ચોઈલા ગામ તરફથી એક કાર વિદેશી દારૂનો જથ્થો ભરીને નીરમાલી ગામ થઈ કપડવંજ તરફ જવાની ચોક્કસ બાતમી એસએમસીને મળી હતી. પોલીસે કારમાંથી 92 પેટી વિદેશી દારૂ, કિંમત રૂ. 7,20,685 તથા રૂ. 15 લાખની કિંમતની કાર મળીને કુલ રૂ. 22,20,658નો મુદ્દામાલ કબજે કરાયો છે.

**જાહેર હરાજી**
આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ ઇસમોને જણાવવાનું કે, મોજે ગામ હરિયાણ તા.ખંભાત જી.આણંદ ખાતે હરિયાણ ગ્રામ પંચાયત ગામના જુદા જુદા વિસ્તારમાં આવેલ ૩ જર્જરીત આંગણવાડીનું મકાન કાટમાળ સાથે ઉતારી પાડી સમતળ કરવાનું હોઈ જેની જાહેર હરાજી તા.૨૮/૯/૨૦૨૬ને સોમવારના રોજ બપોરે ૧૨ : ૦૦ કલાકે હરિયાણ ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે.હરિયાણ (અપસેટ કિંમત-રૂ.૩૦૮૦), ભાલેજપુરા આંગણવાડી (અપસેટ કિંમત રૂ.૨૭૯૦), રણોલીપુરા (અપસેટ કિંમત રૂ.૩૪૪૦) નક્કી કરવામાં આવી છે.જાહેર હરાજીમાં ભાગ લેનાર ઇસમને ડિપોઝીટ પેટેની રકમ રૂ.૨૦૦૦ હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે.જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા વ્યક્તિઓએ આધારકાર્ડ સાથે નિયત તારીખ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો હરાજી સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
**તારીખ : ૨૮/૦૯/૨૦૨૬ને સોમવાર – સમય : બપોરે ૧૨ : ૦૦ કલાકે**
**સ્થળ : હરિયાણ ગ્રામ પંચાયત, તા.ખંભાત.જી.આણંદ.**
**સરપંચ અને તલાટી કમ મંત્રીશ્રી**
**હરિયાણ ગ્રામ પંચાયત તા. ખંભાત. જી. આણંદ.**